સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમોની સીધા ધિરાણની યોજના હેઠળના લાભાર્થીઓની પસંદગી માટેની સમિતિની રચના તથા કાર્ય પદ્ધતિ નિયત કરવા બાબત.

નંબર - ૨૩૫૦
તારીખ - ૧૨/૧૧/૦૮

## ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક:-સશપ/૧૦૨૦૦૭/૫૦/અ-૧

સચિવાલય ,ગાંધીનગર.

તા. ૨૭ -૧૦-૨૦૦૮

વંચાણે લીધા:-

(૧.)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના ઠરાવ ક્રમાંક:- પરચ-૧૦૨૦૦૨-૨૫૯૭-ચ, તા. ૨૩-૨-૨૦૦૪

(૨.) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના તા.૨૫-૩-૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક:-સશપ/૧૦૨૦૦૭/૫૦/અ-૧

પ્રસ્તાવના:- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમોની ધિરાણની યોજના હેઠળના લાભાર્થીઓની પસંદગી માટેની સમિતિની રચના તથા કાર્ય પદ્ધતિ ઉપર ક્રમ-(૨) થી વંચાણે લીધેલ ઠરાવ થી કરવામાં આવી હતી. તે મુજબ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ ,ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ તથા ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે ઉક્ત સમિતિની દ્વારા લાભાર્થીઓની પસંદગી કરવામાં આવે છે.

પરંતુ એવુ જણાયેલ છે કે "સીધા ધિરાણ" શબ્દના અર્થઘટન માં મુશ્કેલી અનુભવવામાં આવે છે. તેથી નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

સુધારા ઠરાવ:-

ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૨) ના ઠરાવમાં જ્યાં પણ **"સીધા ધિરાણ"** શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ હોય ત્યાં " **તમામ ધિરાણો** " શબ્દ વંચાણે લેવાનો રહેશે. ઠરાવની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બકુલ શાહ)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

-માન.મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-માન.રા.ક.મંત્રીશ્રી,( સા.શૈ.પ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ,૪,ડૉ.જીવરાજ મહેતા ભવન ,ગાંધીનગર.

-મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ , ડૉ.જીવરાજ મહેતા ભવન ,ગાંધીનગર.

-મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ , ડૉ.જીવરાજ મહેતા ભવન ,ગાંધીનગર.

-મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ , ડૉ.જીવરાજ મહેતા ભવન ,ગાંધીનગર.

-મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ , ડૉ.જીવરાજ મહેતા ભવન ,ગાંધીનગર.

-એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ / અમદાવાદ.

-હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

-સીલેક્ટ ફાઇલ.